ગાંધીનગરથી દર પહેલી અને પંદરમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક

R.N.I. No. GUJGUJ/2014/58245

Registered under RNI No. GUJGUJ/2014/58245 Permitted to post at SRO,GANDHINAGAR, and on 1st & 15th of every month under Postal Regd No G-GNR-339 issued by SSP GNR valid up to 31-12-2019

Special Colour Edition

# અગ્નિપથ

વર્ષ : ૦૬ ● અંક : ૧૨ સ્થાપક તંત્રી : અરવિંદ રાણા ● તારીખ : ૦૧-૦૮-૨૦૧૭ મંગળવાર ● વાર્ષિક સહયોગ : રૂા. ૨૦૦ ● પાના : ૪

### વૈદિક પરિવાર અને રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં સંયુક્ત ઉપક્રમે આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે

## ધ્યાન શું છે, શા માટે અને કેવી રીતે કરવું જોઈએ તે સંબંધિત સ્વામી વિવેકાનંદજીનું વ્યાખ્યાન યોજાયું




વૈદિક પરિવારની ગાંધીનગર શાખા તથા રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં સંયુક્ત ઉપક્રમે સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકનું ધ્યાન શા માટે, શું અને કેવી રીતે ? એ વિષય ઉપર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

ગાંધીનગરનાં સેક્ટર-૮ સ્થિત ગુજરાત સરકારનાં સમાજ કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત આદર્શ નિવાસી કન્યા શાળા (અ.જા.) ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં વૈદિક પરિવારનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ ગાંધી, રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પ્રમુખ શ્રી બી. કે. ચાવડા, સેક્રેટરી શ્રી અભેરાજભાઈ ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યક્રમનાં પ્રારંભમાં શાળાનાં શિક્ષક અને આ કાર્યક્રમનાં સંકલનકર્તા શ્રી વી. સી. ઉપાધ્યાયે સૌ અતિથિઓનું શાબ્દિક સ્વાગત કરી શાળામાં આવકાર્યા હતા. સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકે વિદ્યાર્થીનીઓને ધ્યાન શા માટે કરવું જોઈએ તેની સમજ આપી નિયમિત ધ્યાન કરવા પ્રેરણા આપી હતી. તેમણે ઈશ્વરનું સાચું સ્વરૂપ સમજાવી તેનું ધ્યાન કેવી રીતે કરવું જોઈએ તેનો ક્રિયાત્મક અભ્યાસ પણ કરાવ્યો હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે વૈદિક પરિવારનાં મુખ્ય સંયોજક શ્રી અરવિંદભાઈ રાણાનાં પ્રયાસોથી આ શાળામાં છેલ્લા બે વર્ષોથી દર ગુરૂવારે વૈદિક યજ્ઞ કરવામાં આવી રહ્યો છે. અહીંની વિદ્યાર્થીનીઓને યજ્ઞનું પ્રશિક્ષણ આપી તૈયાર કરી દેવામાં આવી છે. યજ્ઞ સામગ્રી, સમીધા, ઘી વગેરે વૈદિક પરિવાર દ્વારા દાનરૂપે આપવામાં આવે છે.

## અમેરિકાના ન્યુયોર્ક ખાતે આયોજિત આર્યોનાં મહાસંમેલનમાં પ્રખર વૈદિક પ્રવક્તા આચાર્ય જ્ઞાનેશ્વરજીના ઉપદેશોનું આયોજન

આર્ય પ્રતિનિધિ સભા, અમેરિકા દ્વારા ન્યુયોર્ક ખાતે ચાર દિવસીય આર્યોના મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં વાનપ્રસ્થ સાધક આશ્રમ, આર્યવન-રોજડનાં આચાર્ય જ્ઞાનેશ્વરજી ભાગ લઈ અમેરિકામાં વસતા આર્યોને વૈદિક ધર્મ, સંસ્કૃતિ અને પરંપરાઓનું સંવર્ધન કરવા પ્રેરણા આપશે. વિદેશની ધરતી પર રહેતા આર્યોને ઈશ્વરાભિમુખ કરવા અને યોગાભ્યાસ કરવા પ્રેરણા આપશે. આ સંમેલનમાં આચાર્ય જ્ઞાનેશ્વરજીનાં માધ્યમથી વૈદિક ધર્મને ઉંડાણથી સમજવાનો અવસર અમેરિકાવાસીઓને મળનાર છે.

## કુરૂક્ષેત્ર-હરિયાણા ખાતે ત્રિદિવસીય સરળ આધ્યાત્મિક શિબિરનું આયોજન

દર્શન યોગ ધર્માર્થ ટ્રસ્ટ, આર્યવન-રોજડ દ્વારા સંચાલિત દર્શન યોગ સાધના આશ્રમ, કુરૂક્ષેત્ર, હરિયાણા ખાતે ત્રિ દિવસીય સરળ આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

દર્શન શાસ્ત્રોનાં પ્રકાંડ વિદ્વાન અને શંકા સમાધાનનાં વિશેષજ્ઞ એવા દાર્શનિક સંન્યાસી સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક દ્વારા આ શિબિરનું સંચાલન કરવામાં આવનાર છે.

મહર્ષિ પતંજલિકૃત યોગ દર્શન તથા વેદ અને ઉપનિષદ જેવા આર્ષ ગ્રન્થોને આધારે આ શિબિરનો અભ્યાસક્રમ તૈયાર

(અનુ. પાન-૨ ઉપર)

### દૈનિક ભાસ્કર અખબાર સમુહનાં વડા શ્રી જગદીશજી શર્મા તથા જયપુર સ્થિત વૈદિક વીરાંગના દળનાં અધ્યક્ષા સુશ્રી અનામિકા શર્મા પણ અમેરિકામાં પ્રચાર કાર્ય કરશે.

આ સંમેલનમાં દૈનિક ભાસ્કર અખબાર સમુહનાં વડા શ્રી જગદીશજી શર્મા પણ સંબોધન કરનાર છે. તેઓ વૈદિક વિચારોથી ઓતપ્રોત હોવા ઉપરાંત એક સફળ પત્રકાર, અખબાર સંચાલનના પ્રબંધમાં નિષ્ણાત અને પ્રભાવશાળી વૈદિક પ્રવક્તા છે.

જયપુર સ્થિત વૈદિક વીરાંગના દળનાં અધ્યક્ષા સુશ્રી અનામિકા શર્મા પણ અમેરિકામાં વૈદિક ધર્મનો પ્રચાર-પ્રસાર કરનાર છે. સુશ્રી અનામિકા શર્મા દ્વારા ન્યુયોર્કની લોંગ આઈલેન્ડ મેરિયટ હોટલમાં આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આયોજિત સમારોહમાં 'ડોલર પર ભારી ધર્મ વ સંસ્કાર' એ વિષય ઉપર પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે જ્ઞાનવર્ધક વ્યાખ્યાન આપવામાં આવનાર છે.

# નેતાઓ વચનો પાળે તે જરૂરી છે

આગામી ૧૫મી ઓગષ્ટ એટલે ૭૧ મો સ્વતંત્રતા દિવસ. આ દિવસે આપણા દેશમાં ક્ષણિક રાષ્ટ્રવાદનો ઉદ્‌ભવ થાય છે. એ રાષ્ટ્રવાદ પણ સરકાર અને પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ પૂરતો જ સિમીત હોય તેવું લાગે છે. હા, રાજકીય પક્ષો દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી ચોક્કસ દેશભરમાં કરવામાં આવે છે. રાજકીય પક્ષો તો ઉજવણી કરે તે સ્વાભાવિક છે, કારણ કે દેશ સ્વતંત્ર થયા પછી જો કોઈના સારા દિવસો આવ્યા હોય તો તે છે રાજકારણીઓ.

દેશને સ્વતંત્ર થયાને ૭૦ વર્ષ પૂર્ણ થયા પછી પણ પીવાના શુદ્ધ પાણી, રસ્તાઓ, વિજળી, સૌ માટે ઘર, સૌ માટે ભરપેટ ભોજન જેવી પાયાની સગવડોથી પ્રજા વંચિત જ છે. બધા નેતાઓ માત્ર વચનો આપે છે, પણ તે પ્રમાણે વર્તતા નથી. નેતાઓ વચનો પાળે તે જરૂરી છે. ઘણી વખત તો નેતાઓ અધિકારીઓ પાસેથી કામ લઈ શકતા નથી. અધિકારીઓ પણ મનફાવે તેમ વર્તે છે.

અધિકારી રાજમાંથી પણ પ્રજાને સ્વતંત્ર કરવાની જરૂર છે. અધિકારી વર્ગ તો દિવસે ને દિવસે એટલો બધો સ્વચ્છંદ થતો

## સંપાદકીય.. - અરવિંદ રાણા

જાય છે કે તેમના સહકર્મીઓ પાસેથી પણ લાંચ લીધા વગર કામ કરતા નથી. ભ્રષ્ટાચાર એ વર્તમાન સમયમાં શિષ્ટાચાર બની ગયો છે. દેશને ભ્રષ્ટાચારથી સ્વતંત્રતા અપાવવાની જરૂર છે. ભ્રષ્ટાચાર રોકવા કાયદા તો ઘણા છે અને નવા પણ બનાવી શકાશે પરંતુ મુળ વાત રાજકીય ઈચ્છાશક્તિની છે. જ્યાં સુધી નેતાઓ ભ્રષ્ટાચારમાં લિપ્ત રહેશે ત્યાં સુધી તેઓ અધિકારીઓને ભ્રષ્ટાચાર આચરતા રોકી શકશે નહીં. સૌથી પહેલાં નેતાઓએ સુધરવાની જરૂર છે.

પ્રજાને ભાષાની દૃષ્ટિએ પણ સ્વતંત્ર કરવાની જરૂર છે. આજે પણ ઉચ્ચ અભ્યાસ માટે અંગ્રેજી ભાષાનો જ ઉપયોગ કરવામાં આવે છે. જો ઉચ્ચ અભ્યાસક્રમ પણ હિન્દી અથવા સ્થાનીય ભાષામાં તૈયાર કરી ભણાવવામાં આવે તો કદાચ વધારે સારા પરિણામો મેળવી શકાય. ઉચ્ચ અભ્યાસમાં સંશોધનનું કાર્ય કરવું હોય તો સ્વદેશી ભાષાના માધ્યમથી જ કરવું પડે. આમ દેશને ભ્રષ્ટાચાર અને અંગ્રેજી ભાષા એમ બેમાંથી મુક્તિ અપાવવાની તાતી જરૂર છે.

# મનુષ્યએ મન દ્વારા એ જ વસ્તુની ઈચ્છા કરવી જોઈએ જેનાથી પોતાનું કલ્યાણ થાય

### કલ્યાણમાર્ગનું ચરમબિંદુ ઈશ્વર છે.
### ઈશ્વર વાયુ અને આકાશથી પણ સૂક્ષ્મ તત્વ છે.
### ઈશ્વરને ઈન્દ્રિયોથી પકડવા ઈચ્છનાર અણસમજુ છે.

આત્માનો નિકટસ્થ પ્રિય સાથી મન છે. મન અલ્લાઉદ્દીનના જીન સમાન છે. આત્મા જે ઈચ્છે મનરુપી જીન તુરત પ્રગટ કરી દે છે. મન ભૌતિક છે, અણુસ્વરુપ પરિવર્તનશીલ છે, કાર્યવસ્તુ છે. કોઈ પણ વ્યક્તિના મનની સ્થિતિ સદાય એકસરખી બની રહેતી નથી. આ એક અટલ નિયમ છે.

ઈચ્છા એ આત્માનો ગુણ છે. મનુષ્ય એ મન દ્વારા એ જ વસ્તુની ઈચ્છા કરવી જોઈએ જેનાથી પોતાનું કલ્યાણ થાય. કલ્યાણ નો માર્ગ પ્રભુનો માર્ગ છે, શ્રેયમાર્ગ છે. આ માર્ગ બુદ્ધિમતા તથા તપસ્યા માંગે છે. બુદ્ધિમાન પુરુષો ઉત્તમ માર્ગ જ પકડે છે કારણ કે તેમાં જ તેઓનું કલ્યાણ છે. કલ્યાણમાર્ગનું ચરમબિંદુ ઈશ્વર છે. પોતાના અભાવની પૂર્તિ પૂર્ણતઃ કેવળ ઈશ્વર જ કરી શકે એમ છે, તેમ તેઓ ખૂબ સારી રીતે જાણે છે. મનીષજનો ઉત્તમ ઈચ્છાની પૂર્તિ અર્થે વ્રતધારી બની ઘોર પુરુષાર્થ કરે છે અને ક્રમે ક્રમે અંતે સર્વોત્તમ લક્ષ્ય - પ્રભુની પ્રાપ્તિ કરી લે છે.

આત્મા ચેતન છે અને પરમાત્મા પણ ચેતન છે. આત્માની ગતિ પરમાત્મા તરફ હોવી જોઈએ, કારણ કે ચેતનાની દૃષ્ટિએ બંનેના ગુણો એકસમાન છે. મિત્રતા હંમેશા સમાન ગુણોમાં જ સંભવી શકે છે, અચલ નિયમ છે કે - કાર્ય હંમેશા કારણ તરફ ગતિ કરે છે. આ એની પ્રતિપ્રસવ ક્રિયા છે. પથ્થર પૃથ્વી તરફ ગતિ કરે છે. નદી સાગર તરફ વહે છે. અગ્નિ સૂર્ય તરફ ઉધ્વમુખી થાય છે. જીવાત્મા અગ્નિસ્વરૂપ છે, તેની ગતિ પરમાત્મા તરફ જ હોવી




જોઈએ, સંસાર તરફ નહિ. પરમાત્મા જ જીવાત્માનો તારક છે, પ્રકૃતિ નહિ. પ્રકૃતિ તો સહાયક, સાધક છે. ઈન્દ્રિયોથી પકડાય તે ઈશ્વર નથી. ઈશ્વર ઈન્દ્રિયાતીત છે. ઈશ્વરને ઈન્દ્રિયોથી પકડવા ઈચ્છનાર અણસમજુ છે. ઉત્તમ વસ્તુ પ્રાપ્ત કરવા માટે ઉત્તમ સાધનો જોઈએ, ઉત્તમ વસ્તુ પુરુષાર્થસાધ્ય છે. સ્થૂળ સાધન દ્વારા સ્થૂળ વસ્તુ પકડી શકાય. ઘન વસ્તુને હાથ દ્વારા પકડી શકાય, પરંતુ વાયુને હાથ દ્વારા પકડી શકાય નહિ. તેને ત્વચાના સ્પર્શથી અનુભવી શકાય. ઈશ્વર વાયુ અને આકાશથી પણ સૂક્ષ્મ તત્વ છે. સંસારની સૂક્ષ્મતમ ઉત્કૃષ્ટ વસ્તુ ઈશ્વર જ છે. તેની પ્રાપ્તિ માટે ઉત્તમ વિવેક અને વૈરાગ્ય આવશ્યક છે. શુદ્ધ અંતકરણ વિના ઉત્તમ વિવેક-વૈરાગ્યનો ઉદય થવો અસંભવ છે. શુદ્ધ અંતકરણની પ્રાપ્તિ માટે આસ્તિક બની શુભ ચિંતન અને શુભ કર્મો કરતા રહેવાની જરૂરત છે.

કારણમાંથી કાર્યજગત (આ સંસાર અને તેના પદાર્થો) ઉત્પન્ન થાય છે. કાર્યપદાર્થનો કર્તા પરમાત્મા છે. કાર્યજગતમાંથી મનુષ્ય પોતે પરમાત્માની નકલ કરી તથાકથિત નવી વસ્તુનું સર્જન કરે છે. ઈશ્વર સર્વજ્ઞ હોવાથી તેની બધી જ કૃતિ અત્યુત્તમ છે. તેમાં સુધારો, વધારો, ઘટાડો શક્ય નથી. તેની પ્રત્યેક કૃતિ ક્ષતિરહિત પૂર્ણ છે. ઈશ્વરની કૃતિ જોવાથી ઈશ્વર યાદ આવે છે અને મનુષ્યની કૃતિ જોવાથી મનુષ્ય યાદ આવે છે. કૃતિ કર્તાની સત્તાનો બોધ પ્રકાશિત કરે છે. ઈશ્વરની કૃતિ જોઈ વિચારશીલ મનુષ્ય આસ્તિક બને છે, જ્યારે મનુષ્યની કૃતિ જોઈ સામાન્ય મનુષ્ય અભિમાની અને નાસ્તિક બને છે. (ક્રમશઃ)

# ભૂજના વૈદિક ધર્મી સેવાભાવી ડૉ. વી. એચ. પટેલનું દેહાવસાન



આર્યસમાજ, ભૂજનાં કર્ણધાર અને વયોવૃદ્ધ સમાજસેવી ડૉ. વી. એચ. પટેલનું તાજેતરમાં દેહાવસાન થઈ ગયું. તેઓ સમગ્ર ભૂજ અને આસપાસનાં ગ્રામ્ય વિસ્તારોમાં સેવાભાવી ડોક્ટર તરીકે ખૂબ લોકપ્રિયતા ધરાવતા હતા. માત્ર ૧૦-૨૦ રૂપિયા જેવા નજીવા ખર્ચમાં દર્દીને દવા મળી જતી. ડૉ. વી. એચ. પટેલની આ સેવાભાવનાને કારણે જ તેમને ત્યાં સવારથી જ દર્દીઓની લાઈનો લાગતી.

આર્યસમાજે તો એક સંનિષ્ઠ નેતા અને કર્મઠ કાર્યકર ગુમાવ્યો છે પણ સાથે સાથે હજારો ગરીબ પરિવારનાં સ્વાસ્થ્યની ચિંતા કરનાર સમાજસેવી વ્યક્તિ આપણા સૌ વચ્ચે નથી. તેમની ખોટ હજારો પરિવારોને પડશે, તેમાં કોઈ શંકા નથી. પરમાત્મા તેમના પરિવારજનોને આ આઘાત સહન કરવાની શક્તિ અર્પે એવી અભ્યર્થના.

## ચરોતર પ્રદેશ...

(પાન-૩નું શેષ)

આ પ્રસંગે દર્શન યોગ મહાવિદ્યાલયની સફળતા વિજ્ઞાન પરિયોજનાનાં શૈક્ષણિક સફળતા વિભાગનાં રાષ્ટ્રીય અધ્યક્ષ અને અગ્નિપથના તંત્રી શ્રી અરવિંદભાઈ રાણા ઉપસ્થિત રહી પોતાની વાણીનો લાભ આપશે.

સવારે ૯ થી બપોરે ૧૨-૩૦ સુધી ચાલનારા આ કાર્યક્રમમાં શાખા સમાજના સભ્યો સહિત સૌ વૈદિક ધર્મપ્રેમી સજ્જનોને સપરિવાર પધારવા આર્યસમાજનાં પ્રમુખ શ્રી કનકસિંહ વાઘેલા અને મંત્રી શ્રી આર્કિ. અશોકભાઈ પટેલે આમંત્રણ આપેલ છે.

## કુરૂક્ષેત્ર...

(પાન-૧નું શેષ)

કરવામાં આવ્યો છે. સવારે ૪-૩૦ થી રાત્રે ૯-૩૦ સુધીની વ્યસ્ત દિનચર્યામાં સાધકોએ દરરોજ નિશ્ચિત સમય માટે મૌનનું પાલન પણ કરવાનું રહેશે. ધ્યાનાભ્યાસ, જ્ઞાન-કર્મ-ઉપાસનાના વર્ગો, શંકા સમાધાન આત્મનિરીક્ષણ વગેરે અનેક વર્ગો રહેશે.

આગામી ૧૧ થી ૧૩ ઓગષ્ટ સુધી આ શિબિર યોજાશે. જેમાં ભાગ લેવા ૯૪૬૭૮ ૦૧૨૭૫ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

**અગ્નિપથનું લવાજમ મોકલવાનું સ્થળ**

ઓ-૫૦૧, શુકન સ્કાય,
સિટી પલ્સની બાજુમાં,
કુડાસણ, તા.જિ. ગાંધીનગર-૩૮૨૪૨૧
મોબા. ૯૭૨૭૭ ૦૦૨૦૮
e-mail : agnipathweekly@gmail.com
આપ નીચેના બેંક એકાઉન્ટમાં વાર્ષિક લવાજમ પેટે સહયોગ રાશી રૂા. ૨૦૦/- ભરી તેની જાણ અગ્નિપથને કરી શકો છો.

ખાતાનું નામ : અગ્નિપથ બેંક : યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા
શાખા : ગાંધીનગર, કરન્ટ એકાઉન્ટ નં. ૧૪૫૫૦૫૦૦૦૩૬૮૧

# આર્યસમાજ, આણંદ દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ









ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા ગુરૂપૂર્ણિમા મહોત્સવની શ્રદ્ધાપૂર્વક ઉવજણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વૈદિક પર્વ યજ્ઞનુ આયોજન પં. કનુપ્રસાદ શાસ્ત્રીના બ્રહ્મત્વમાં કરવામાં આવ્યું હતું. ગુરૂપૂર્ણિમાના પર્વનું મહત્વ પંડિત વિજયકુમાર આર્યએ સમજાવતાં જણાવ્યું હતું કે આર્યસમાજના સંસ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીએ વેદની આજ્ઞા મુજબ પાંચ મહાયજ્ઞો કરવાની દરેકને શીખ આપી છે. આપણા ઋષિ-મુનિઓએ માનવ જીવનને ઉન્નત બનાવવા જે જે માર્ગો બતાવ્યા છે, તેને જાણીને તે મુજબ આચરણ કરવું એ જ આજની ગુરૂપૂર્ણિમાની મહત્તા છે.

આ પ્રસંગે આર્યસમાજના મંત્રી શ્રી અશોકભાઈ પટેલનાં પૂજ્ય પિતા અને વયોવૃદ્ધ આર્યસમાજી શ્રી ધર્મવીરભાઈ જીવાભાઈ પટેલે સ્વામી દયાનંદ સરસ્વતી લિખિત સત્યાર્થપ્રકાશ ગ્રન્થના અવતરણો ટાંકીને ગુરૂ શબ્દની વ્યાખ્યા કરી હતી અને જીવનમાં કેવી રીતે જીવવું, કેવી રીતે ખાવું, કેટલું ખાવું તેની વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. તેઓએ સંયમિત જીવન જીવવા, આદર્શ દિનચર્યા અપનાવવા તથા પરિવારમાં પ્રેમપૂર્વક યથાયોગ્ય વ્યવહાર કરવા, સેવાસમાજ કરવા તથા આપણી પાસે જે સદ્‌જ્ઞાન છે, તેને બીજાને આપવાની શીખ આપી હતી.

આ પ્રસંગે સંસ્થાના પદાધિકારીગણ, અંતરંગ સભ્યો, ચરોતર પ્રદેશમાં આવેલી શાખા સમાજના સદસ્યો, આમંત્રિતો સહિત રાજ્ય સભાનાં સાંસદ શ્રી લાલસિંહજી વડોદિયા તેમજ પૂર્વ ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પરમાર સંસ્થાના નિમંત્રણને માન આપીને પધાર્યા હતા. આર્યસમાજના પ્રધાન શ્રી કનકસિંહ વાઘેલાએ તેમનું પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ. ગુરૂકુળ પ્રણાલીનાં પોષક અને સંરક્ષક એવા શ્રી ધર્મવીરભાઈ જીવાભાઈ પટેલનું રાજ્ય સભાના સાંસદ શ્રી લાલસિંહજી વડોદિયાએ સન્માન કરેલ. યજ્ઞનાં મુખ્ય યજમાન શ્રી મનિષભાઈ ચૌહાણને વૈદિક પુસ્તકોનો સેટ ભેટ આપી તેમની દિકરી ચિ. મૈત્રીનો જન્મ દિવસ હોઈ શુભેચ્છા તથા આશીર્વાદ પાઠવ્યા હતા.

પર્વના અંતે સંસ્થાના વ્યવસ્થાપક શ્રી વિજયભાઈ આર્યએ ઉપસ્થિત સૌ મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વૈદિક પરિવારની ગાંધીનગર શાખા દ્વારા આંગણવાડીને તિજોરી ભેટ આપવામાં આવી



વૈદિક પરિવારની ગાંધીનગર શાખા દ્વારા વૈદિક ધર્મનાં પ્રચાર-પ્રસારની સાથે સેવાકીય કાર્યો પણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. દર વર્ષે શીયાળામાં શ્રમજીવી પરિવારો કે રોડ સાઈડ ઉપર ખુલ્લામાં રહે છે તેમને ધાબળા વિતરણ, તેમના બાળકોને સ્વેટર અને ટોપીનું વિતરણ કરવામાં આવે છે. હવે ઝુંપડપટ્ટીમાં રહેતા બાળકો જ્યાં અભ્યાસ કરવા જાય છે તે આંગણવાડીમાં પણ સેવાકાર્યો કરવાનું નક્કી કરેલ છે. ગત વર્ષે બાળકોને સ્વેટર અને ટોપી વિતરણ કરેલ. પતરાવાળા છાપરામાં ચાલતી ગાંધીનગરનાં સેક્ટર-૨૪ સ્થિત આંગણવાડીને આવશ્યક વસ્તુઓની સાચવણી માટે એક લોખંડની તિજોરી ભેટ આપવામાં આવી છે.

વૈદિક પરિવાર દ્વારા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ ગાંધી તથા સક્રિય કાર્યકર શ્રી ગમનભાઈ પટેલના હસ્તે આ તિજોરી અર્પણ કરાઈ હતી.

# ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા શ્રાવણી પર્વની ઉજવણી કરાશે

ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા શ્રાવણ સુદ પુનમનાં સાતમી ઓગષ્ટનાં રોજ શ્રાવણી પર્વની ઉજવણી કરવામાં આવનાર છે.

આ પ્રસંગે આણંદ જિલ્લાની વિવિધ હાઈસ્કુલોનાં વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધાનો વિષય છે યોગ - તન અને મનની તંદુરસ્તી. આ સ્પર્ધામાં શાળા દીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનાર વિદ્યાર્થીઓને ઈનામો આપવાનો કાર્યક્રમ પણ શ્રાવણી પર્વની ઉજવણી સાથે જોડી દેવામાં આવેલ છે.

(અનુ. પાન-૨ ઉપર)

# આર્યસમાજ-આણંદ દ્વારા યોગ વિદ્યાનો પ્રચાર કરાયો





ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા પ્રમુખ શ્રી કનકસિંહજી વાઘેલાનાં સીધા માર્ગદર્શનમાં સંસ્થાના અંતરંગ સદસ્ય તથા યોગ પ્રશિક્ષક શ્રી કેતનભાઈ જે. પટેલ દ્વારા વિવિધ ત્રણ સ્થળોએ યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ. ડૉ. વી. એચ. દવે હોમિયોપેથિક મેડિકલ કોલેજ, આણંદ તથા નાવલી ખાતે આવેલ સ્વામી નારાયણ સંસ્કારપીઠ ઈન્ટરનેશનલ સ્કુલ અને જનમંગલ ફાઉન્ડેશન, આણદનાં વિદ્યાર્થીઓ માટે યોગ શિબિરનું સંચાલન કરવામાં આવેલ.

શ્રી કેતનભાઈ પટેલે યોગ કરવાથી થતા શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ફાયદાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે ત્રણેય સંસ્થાઓના સંચાલકોએ ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદનો આભાર માન્યો હતો.

# કચ્છનાં માંડવી સ્થિત "ક્રાંતિતીર્થ" ખાતે વાડીયા પરિવાર દ્વારા છેલ્લા ૭ વર્ષોથી અવિરત સાપ્તાહિક યજ્ઞ કરાઈ રહ્યો છે

કચ્છનાં માંડવી સ્થિત પં. શામજીકૃષ્ણ વર્મા મેમોરીયલ ક્રાંતિતીર્થ ખાતે વૈદિક મહાસભા દ્વારા માર્ચ, ૨૦૧૧થી સાપ્તાહિક યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ યજ્ઞની પરંપરા હજુ પણ યથાવત છે. વૈદિક મહાસભાનાં તત્કાલિન મહામંત્રી અને અગ્નિપથનાં તંત્રી શ્રી અરવિંદભાઈ રાણાનાં પ્રયાસોથી તથા જીએમડીસી દ્વારા સંચાલિત આ મેમોરીયલમાં જીએમડીસીનાં તત્કાલિન મેનેજીંગ ડીરેક્ટર અને હાલમાં ગુજરાત રાજયનાં મુખ્ય માહિતી અધિકારી એવા શ્રી વી. એસ. ગઢવીનાં આદેશથી આ પરંપરાનો પ્રારંભ થયો હતો.




માંડવીનાં શીરવા સ્થિત પંચવટી ફાર્મ ખાતે રહેતા રામજી હરદાસ વાડીયા પરિવાર દ્વારા આ સાપ્તાહિક યજ્ઞ કરવાની જવાબદારી સહર્ષ ઉપાડી લેવામાં આવી હતી. આ પરિવારે સતત છ વર્ષોથી આ વચન પાળ્યું છે. શ્રી કિર્તીચંદ્ર હોય કે શ્રી સુરેશભાઈ હોય અને જો એ બંને ન હોય તો તેમના પિતા શ્રી ભવાનજીભાઈ અને કોઈ ન હોય તો પરિવારનાં અન્ય સભ્યોમાંથી કોઈપણ બે-ત્રણ વ્યક્તિ આવીને યજ્ઞ કરે જ છે. ગમે તેવી પરિસ્થિતિ હોય પણ આ પરિવાર દ્વારા યજ્ઞની પરંપરા ક્યારેય તોડી નથી.

આ યજ્ઞના કાર્યની નોંધ તત્કાલિન મુખ્યમંત્રી અને હાલનાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ વારંવાર લેતા હોય છે. તેઓ દેશભરમાં જયાં પણ આર્યસમાજના કાર્યક્રમમાં જાય છે ત્યાં આ યજ્ઞની વાત અવશ્ય કરે છે. આમ, વાડીયા પરિવારની આ સેવાની નોંધ પ્રસંગોપાત સર્વત્ર લેવાતી જોવા મળે છે.

તાજેતરમાં અગ્નિપથની ટીમે માંડવીની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે યજ્ઞમાં પણ ભાગ લેવાનો અવસર મળ્યો. અગ્નિપથના સ્થાપક તંત્રી તથા વૈદિક પ્રચારક શ્રી અરવિંદભાઈ રાણા, ગુજરાત સરકારનાં પૂર્વ મંત્રી શ્રી રજનીકાન્તભાઈ રજવાડી, ગાંધીનગર સ્થિત રોટરી ક્લબ ઓફ કેપિટલનાં સેક્રેટરી શ્રી અભેરાજભાઈ ચૌધરી, ક્રાંતિતીર્થનાં મેનેજર શ્રી બંકીમભાઈ પટણી વગેરેએ યજ્ઞમાં ભાગ લઈ આ સતત નિયમિતરૂપે ચાલતા ધર્મકાર્યની પ્રસંશા કરી હતી.


॥ ઓમ્ ॥



## ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ

(ટ્રસ્ટ રજી. નં. આણંદ/એફ/૫૬)

સ્ટેશન રોડ, આણંદ (ગુજરાત) ફોન નં. (૦૨૬૯૨-૨૪૪૧૯૧)

૧) વેદોનો પ્રામાણિક રૂપે પ્રચાર-પ્રસાર કરવો.
૨) વૈદિક પુસ્તકાલય અને વાંચનાલય.
૩) દૈનિક યજ્ઞ, સપ્તાહિક સત્સંગ, પારિવારીક સત્સંગ દ્વારા પંચમહાયજ્ઞનો પ્રચાર તથા વૈદિક પર્વોની ઉજવણી.
૪) બાળકો તથા યુવા વર્ગનાં નિર્માણ માટે દર રવિવારે સાંજે ૪-૦૦ થી ૬-૦૦ આર્યવીર દળની શાખા લાગે છે. જેમાં કરાટે, આસન, પ્રાણાયામ, રાયફલ શુટીંગ, ભારતીય રમતો, વ્યાયામની સાથે યજ્ઞ અને નૈતિક પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે.
૫) માણસ માત્રની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે સંસ્થામાં કાયમી ધોરણે નિઃશુલ્ક યોગ કેન્દ્ર ચલાવવામાં આવે છે.
૬) પર્યાવરણ પ્રદૂષણની સમસ્યા યજ્ઞો દ્વારા ઉકેલવા માટે પ્રયત્નો કરવામાં આવે છે તથા યજ્ઞ સામગ્રીનું પ્રદર્શન યોજવામાં આવે છે.
૭) માનવ શરીરની શુદ્ધ આયુર્વેદિક પદ્ધતિથી અલ્પ મૂલ્યે થતી સારવાર અંગે પુસ્તકો દ્વારા પ્રચાર કરવામાં આવે છે.
૮) ગૌ-રક્ષા તથા સંવર્ધન માટે પ્રયત્નો કરવામાં આવે છે તથા યથાશક્તિ આર્થિક મદદ કરવામાં આવે છે.
૯) મનુષ્ય માત્રની સર્વાંગિણ ઉન્નતિ માટે પતંજલિકૃત યોગ દર્શનનાં આધારે નિઃશુલ્ક ક્રિયાત્મક યોગ શિબિરનું આયોજન કરવામાં આવે છે.
૧૦) વૈદિક સોળ સંસ્કારોનું નજીવા ખર્ચે આયોજન તથા લગ્ન વગેરે શુભ પ્રસંગોએ સંસ્થામાં જમણવારનું સુંદર આયોજન કરવું.
૧૧) કુદરતી આફતોના સમયે આર્થિક મદદ કરવી.
૧૨) વૈદિક વિદ્વાનો, અતિથિ માહાનુભાવો અને આર્ય સંન્યાસીઓનો યથાયોગ્ય સત્કાર કરવો તથા તેમના પ્રવચનો ગોઠવવા.
૧૩) સમાજમાંથી અંધશ્રદ્ધા અને કુરિવાજો નેસ્ત-નાબુદ થાય તેવા પ્રયત્નો કરવા.
૧૪) બાળલગ્નો થતા અટકાવવા તેમજ બેટી બચાવો-બેટી પઢાઓ અભિયાનો પ્રચાર-પ્રસાર કરવો.
૧૫) આણંદ જિલ્લાની શાળાઓ તથા કોલેજોની લાયબ્રેરીમાં વૈદિક પુસ્તકો ભેટ આપવાની યોજના.
૧૬) બાળકો તણાવમુક્ત અભ્યાસ કરી શકે તે માટે નિઃશુલ્કરૂપે સ્ટ્રેસ મેનેજમેન્ટનાં વર્કશોપનું શાળા-કોલેજોમાં આયોજન કરવું.
૧૭) જીલ્લા કક્ષાની તથા રાજ્ય કક્ષાની વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવું તથા શાળા-કોલેજોમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવું.

આર્કિ. અશોક પટેલ
માનદ્ મંત્રી

કનકસિંહ વાઘેલા
પ્રમુખ


PUBLISHER, OWNER, PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS, G.I.D.C. SECTGOR-28, DIST. GANDHINAGAR, PUBLISHED AT PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021